ી તથા પ્રતિનિધિ બંધુઓ, સન્નારીઓ તથા સદ્દગૃહસ્થો,

આ પરિષદનું પ્રમુખપદ એ હું ઘણો માન ભરેલો હોદ્દો માનું છું અને એ પ્રમુખપદ મને આપવા આપે જે મહેરબાની કરી તે માટે હું આપનો મોટો ઉપકાર માનું છું.

૨. આપના પુરાણા શેહેર સાથે મારો લાંબી મુદતનો ગાઢો સંબંધ છે. મારૂં વ્યવહારીક જીવન મેં આ શહેરમાં શરૂ કર્યું. મેં મારા વકીલાતના ધંધા સંબંધમાં મારો ઘણો વખત આ શહેરમાં ગાળ્યો છે. આ શહેરમાં મારે ઘણા પ્રિય મિત્રો હતા અને છે. આ શહેરના ઉપર મારી ઘણી પ્રીતિની લાગણી છે અને આ શહેરમાં આવી જનસેવા બજાવવી એ હું મારૂં કર્તવ્ય ગણું છું.

૩. મારે આપની આગળ ઘણી દીલગીરી સાથે જણાવવું પડે છે કે મેં આ પરિષદનું પ્રમુખપદ લેવા કબુલ કર્યું ત્યાર પછી થોડા દિવસમાં હું મંદવાડમાં સપડાઇ ગયો હતો તે મંદવાડની અસરમાંથી હું હજુ મુક્ત થઇ શકયો નથી. મારા શરીરમાં ઘણી નબળાઈ આવવાથી આજના ભાષણ ઉપર મારે જે વખત ગાળવો જોઇએ અને તેના ઉપર જે લક્ષ આપવુ જોઇએ તે મારાથી બની શકયું નથી અને તેને લીધે હું આપની ક્ષમા માગું છું.

૪. આ પ્રસંગે આપણા આખા દેશનું ચિત્ત આપણને જે રાજકીય સુધારા મળવાના છે તે તરફ રોકાયલું છે. તે સંબંધમાં એક ખરડો હાલ બ્રિટિશ પાર્લામેંન્ટ આગલ રજુ કરવામાં આવ્યો છે. તે ખરડાના બે વાંચન બ્રિટિશ પાર્લામેન્ટ આગળ થયાં છે. બે હાઉસની જોઇંટ કમિટિ હાલસુધી એ બીલને લગતો પુરાવો લેવામાં રોકાઇ હતી. અને તે કામ પુરૂં થયું છે. અને હવે એ બીલ સંબંધમાં પાર્લામેન્ટ આગળ મુકવા માટે રીપોર્ટ કરવા તે કમિ બેઠેલી છે.

૫. નેક નામદાર મોન્ટેગુ અને નેક નામદાર લોર્ડ ચેમ્સફર્ડ એમણે રાજકીય સું યોજના ઘડી કાઢી છે તે અપૂર્વ છે. એવી યોજનાનો અખતરો અત્યાર સુધી કદી થયે આપણા દેશની દૃષ્ટિથી આ યોજના ખામી વગરની નથી. એમાં ઘણી દિશાએ ફેરફાર જરૂર છે અને મને ઉમેદ છે કે આપણે ઇચ્છીએ છીએ કે એ દિશામાં કેટલાએક ફેર આ રસ્તે આપણી ઉમેદ બર આવે કે નહીં, પણ આ યોજનાના ધોરણથી રાજ્ય બંધારણમાં ફેરફાર થાય એમાં આપણા દેશનું હીત સમાયલું છે. ઘણા રાજ્યાધિકાર લોકોએ જુદી જુદી જાતના રાજ્ય વહીવટના ફેરફારની યોજનાઓ રજુ કરી છે યોજનાથી વધારે ખામી ભરેલી દેખાય છે અને બીજી યોજનાઓથી આ લતાથી પહોંચી શકીએ એમ મને સંભવીત લાગતું નથી.

૬. સને ૧૮૩૪ ની સાલ સુધી મુંબાઇ તથા મદ્રાસની સરકાર પોતપોતા રૈયત માટે કાયદા બનાવતી. તેમ ગવર્નર જનરલ ઓફ ઇંડિયા, પ્રાંતો સિવાયની કાયદા બનાવતા. સરકારના અમલદારોની નજરમાં જે યોગ્ય લાગે તે મુજબ કા તેમાં રૈયતની પસંદગી અથવા નાપસંદગીનો રૈયત તરફનો અભીપ્રાય લેવામાં આ અને સરકારના નીમેલા અથવા રૈયતે ચુંટી કહાડેલા એવા કોઇ પણ માણસની સલા મદદ લેવામાં આવતી નહી અને તે માટે તેઓને તે કામમાં સામેલ કરતા નહી. સને ૧ સાલમાં મદ્રાસ તથા મુંબાઇના ગવર્નરની કાયદા કરવાની સત્તા કમી કરવામાં આ ત્યાર પછી ગવર્નર જનરલ ઇન કાઉન્સીલ આખા હિંદુસ્થાનને માટે કાયદા બનાવતી હતા.

૭. સને ૧૮૬૧ ની સાલમાં ઇંડિયન કાઉન્સીલ્સ એક્ટ પાસ કરવામાં આવ્યો. તે પહેલાં ઉપર બતાવ્યા પ્રમાણે પ્રજા તરફના માણસોને એ કામની મદદ માટે સામીલ કરવાનો વહીવટ નહોતો. પચીશ કરોડ માણસો માટે જે કાયદા ઘડાય તેમાંથી કોઇને કાયદા સંબંધમાં સલાહ આપવાની સત્તા નહોતી.

૮. ઇંયિન કાઉન્સાલ્સ એકટથી હિંદુસ્થાનના ગવર્નર જનરલ ઇન કાઉન્સીલને આખા હિંદુસ્થાન માટે કાયદા કરવાની સત્તા આપવામાં આવી અને તે કામમાં મદદ કરવા માટે થોડા એડીશનલ મેમ્બર નીમવાની તેમને સત્તા આપવામાં આવેલી હતી. તે મુજબ કેટલાએક પ્રકારના કાયદા કરવાની સત્તા મુંબાઇ તથા મદ્રાસના ગવર્નરને આપવામાં આવી હતી અને તેમને પણ એડીશનલ મેમ્બર અમુક સંખ્યા સુધી નીમવાની સત્તા આપી હતી. આ કાઉન્સીલની સત્તા ફક્ત કાયદા કરવા પુરતી હતી.

૯. ૧૮૯૨ની સાલમાં આ કાયદામાં ફેરફાર થયો અને તે ફેરફારને અંગે નવી લેજીસ્લેટીવ કાઉન્સીલ ૧૮૯૩ના સાલથી બંધાઇ અને તે કાઉન્સીલમાં કેટલીએક મ્યુનીસીપાલીટી તથા લોકલબોર્ડના પ્રતિનિધિઓ ઇલેકશનથી દાખલ કરાવામાં આવ્યા. ઇલેકશનથી કાયદા બાંધનારી સભામાં મેમ્બરો દાખલ કરવાની પદ્ધતિની આ પ્રમાણે પ્રથમ શરૂઆત થઇ.

૧૦. સને ૧૯૦૬–૦૭માં જ્યારે નેક નામદાર લોર્ડ મીન્ટો ગવર્નર જનરલ હતા અને નામદાર લોર્ડ મોરલી સેક્રેટરી ઓફ સ્ટેટ હતા ત્યારે પોલીટીકલ રીફોર્મ આગળ વધારવા વિશેષ પગલાં ભરવામાં આવ્યાં. તેમના વખતમાં હિંદુસ્થાન સરકારની એક્ઝીક્યુટીવ સીલમાં તથા પ્રાંતિક એકઝીકયુટીવ કાઉન્સીલમાં એક એક દેશી મેમ્બર દાખલ માં આવ્યો.

૧૧. તેમના વખતમાં હિંદુસ્થાનની મુસલમાન પ્રજાને કોમ્યુનલ વોટીંગની સત્તા પોતાના ધઓ લેજીસ્લેટીવ કાઉન્સીલ માટે પસંદ કરવાને માટે આપવામાં આવી. બીજી કેટલીક મોરલી તથા લોર્ડ મીન્ટોએ જે કાઉન્સીલો મોટી કરી તેમનો ઉદ્દેશ રાજ્યકારભારના કોની લાગણી તથા ઉલટ વધારવાનો હતો પણ રાજ્યતંત્ર ચલાવનારને માથે કોઇ બદારી નાંખવાનો નહોતો. મીન્ટો મોરલી સુધારાથી કાઉન્સીલોને લોકો ગી ઠરાવ કરવાની સત્તા મળી પણ તે ઠરાવોને કેટલું વજન આપવું ીલની મરજી મુજબ રાખવામાં આવ્યું હતું.

.. ત્યારપછી જર્મની સાથનું મહા યુદ્ધ શરૂ થયું. એ યુદ્ધમાં આપણે હિંદીઓએ જયપ્રતિ પોતાનો સંપૂર્ણ પ્રેમ તથા રાજ્યભક્તિ બતાવી. લડાઇ શરૂ થતાં લેજીસ્લેટીવના આપણા દેશી પ્રતિનિધિઓએ હિંદુસ્થાન સરકાર મારફતે બ્રિટિશ સરકાર તરફ એવો મોકલ્યો કે હિંદુસ્થાન પોતાનું તમામ બળ, માણસો, ધન વિગેરે જે જે સાધનો તેની જાય તે સર્વે બ્રિટિશ સરકારને લડાઇમાં મદદ આપવા તેમના સ્વાધીનમાં રજુ કરે છે. ડાઇ મધ્યે હિંદુસ્થાને પોતાની શક્તિ મુજબ માણસોની, ધનની અને બીજી સર્વ પ્રકારની આપી છે. લડાઇને અંગે બધા મિત્રરાજ્યોએ પોતાનો ઉદ્દેશ જણાવ્યો કે દુનીઆની સ્વતંત્રતા ઉપર કેટલાએક જબરા લોકો હલ્લો કરી શકે નહિ, ગરીબ નબળાં રાજ્યની સ્વતંત્રતાનું રક્ષણ કરવું. આ ઉંચ ઉદ્દેશને લીધે મોટી પ્રજાઓ નબળી પ્રજાને રક્ષણે ધાઇ એટલે સ્વાભાવિક રીતે આ દેશના લોકોની બ્રિટિશ વાવટા નીચે રહી એવી સ્વતંત્રતા ભોગવવાની વિશેષ પ્રેરણા થઇ. ગયા ચાર વરસમાં આ દેશની પ્રજામાં રાજ્યકારભારમાં પોતાનો ઘટતો ભાગ લેવાની ચળવળ ઘણી વધી છે અને દિન પર દિન એ ચળવળ ઘણી વધતી જાય છે. એટલે આપણા રાજ્યકર્તાની નજરમાં હિંદુસ્થાનના રાજ્યધોરણ મધ્યે મોટા ફેરફાર થવા જોઇએ એવી શુભ ઇચ્છા થઇ અને તે કારણથી ના૦ શહેનશાહના હિંદુસ્થાન ખાતાના સેક્રેટરી ઑફ સ્ટેટ, નેક નામદાર મી૦ સેમ્યુઅલ એડવીન મોન્ટેગ્યુએ તા. ૨૦મી આગષ્ટ ૧૯૧૭ને દિવસે બ્રિટિશ પાર્લામેન્ટની રૂબરૂ નીચે મુજબના રાજ્યમતનું ઉચ્ચારણ કર્યું.

બ્રિટિશ સરકારની રાજ્યનીતિ હિંદુસ્થાન સરકારના વિચાર સાથે તદ્દન મળતી આવે છે તે એ છે કે રાજ્યવહીવટની દરેક શાખામાં હિંદીઓનો વધારો કરવો અને બ્રિટિશ સામ્રાજ્યના અંગના ભાગ દાખલ સ્વરાજ્યની સંસ્થાઓ ખીલવી જવાબદારી વાળી રાજ્યસત્તાના પગલાં હળવે હળવે વધતાં જાય એ ધોરણથી કામ લેવું.

૧૩. નેક નામદાર મી૦ મોન્ટેગ્યુએ ઉપર મુજબના રાજ્યમંત્રનું ઉચ્ચારણ કર્યું ત્યાર પછી તેઓ હિંદુસ્થાનમાં પધાર્યા. તેમણે હિંદુસ્થાનના નામદાર લોર્ડ ચેમ્સફર્ડ સાથે મસલતો કરી. હિંદુસ્થાનની પ્રાંતિક સરકારના અધિકારીઓના મત મેળવવા ઘણા ડેપ્યુટેશનોની મુલાકાતો લીધી અને આ સુધારા કેવા ધોરણથી અમલમાં લાવવાં એ બાબતનો એક રીપોર્ટ તૈયાર કર્યો અને તા. ૮ જુલાઇ ૧૯૧૮ને દિવસે હિંદુસ્થાનની પ્રજાને વિચાર કરવા માટે તેમણે બહાર પાડયો.

૧૪. પોતાની યોજના બર લાવવા માટે નેક નામદાર મી. મોન્ટેગ્યુએ એક કા ખરડો તૈયાર કરી તે પાર્લામેન્ટ આગળ રજુ કર્યો. એ ખરડાનાં બે વાંચન થઇ ગયાં એ ખરડા સંબંધમાં બે હાઉસની જોઇંટ કમિટિએ હાલ સાક્ષીઓ લેવાનું કામ પુરૂં તેને લગતો રીપોર્ટ કરવાનું કામ હાલ જોઇંટ કમિટિ પાસે રહેલું છે.

૧૫. આ સંબંધમાં જે મુખ્ય ફેરફાર થવા સંભવ છે તેનું ટુંક વીવેચન નીચે

(૧) આજ સુધી પ્રજા તરફથી પ્રતિનિધિઓ પસંદ કરવાની ફકત મુસલમાન કે સીધી રીતની સત્તા આપવામાં આવી છે. મુસલમાન સિવાયની કોમો માટે નીમવાના તે સીધી રીતે લોક તરફથી નીમાતા નહી.

(૨) લોકલ બોરડો તથા મ્યુનીસીપલ બોરડો દરેક ડીવીઝનના પોતા તરફના પોતાનું કામ કરવા નીમે છે. તે પૈકી દરેક બોર્ડ વસ્તીના પ્રમાણમાં મેમ્બરો પસંદ કરે છે અને તે પ્રતિનિધિઓ જે માણસને બહુમતે પસંદ કરે લેજીસ્લેટીવ કાઉન્સીલનો મેમ્બર નીમાય છે.

આવી આડકતરી રીતે જે માણસો નીમાય તેને મુળ ચુંટણી કરનારી રૈયત સા. સંબંધ રહેતો નથી અને તે ખરેખરી રીતે તેને જવાબદાર હોય તેમ સમજતો નથી.

હાલનું મુંબઇની લેજીસ્લેટીવ કાઉન્સીલનું નીચે મુજબ બંધારણ છે:–

ઇલેકટેડ

મુસલમાન કોમના	૪
મુસલમાન સીવાયની કોમના મોફયુસીલ મ્યુનીસીપાલીટીના કૌન્સીલરો વરફના	૪
લોકલ બોર્ડ તરફના	૪
મુંબઇની કોરપોરેશન તરફનો	
ગુજરાતના સરદારો તરફનો	
દક્ષિણના સરદારો તરફનો	૧
સીંધના જમીનદાર તથા જાગીરદાર તરફનો	૧
ઇંડીયન કોમરશીયલ કોમ્યુનીટી તરફનો	૧
મીલ ઓનર્સ એસોસીએશન મુંબઇ તથા અમદાવાદ વચ્ચે	૧
મુંબઇની ચેમ્બર ઓફ કોમર્સ તરફનો	૧
કરાંચી ચેમ્બર ઓફ કોમર્સ તરફનો	૧
અને મુંબઇની યુનીવરસીટી તરફનો	૧
	૨૧
એક્ષ ઓફીસીઓ મેમ્બર્સ	૫
નોમીનેટેડ મેમ્બરો તેમાં ૧૪ કરતાં વધારે અમલદાર નહીં	૨૧
	૪૭
આ ઉપરાંત ગવર્નરને જરૂર પડે ત્યારે બે એક્ષપર્ટોને કાઉન્સીલની જગા માટે નીમવા સતા આપવામાં આવી છે.	૨
	૪૯

ઉપરની ગોઠવણ મુજબ કાઉન્સીલમાં વધારામાં વધારે ઓફીસીયલ ૨૧ થઇ શકે એટલે નું ઓફીશીયલ જોર ગણાય.

ઓફીશીયલ તથા નોમીનેટેડ એકઠા ગણવામાં આવે તો તેમનું જોર ૪૨/૪૫ એટલે ૧૪/૧૫ ગણાય.

હાલના બંધારણને બદલે કમિટિ નીચેના બંધારણની કાઉન્સીલ કરવાની ભલામણ કરે છે.

શહેરોની મુસલમાન સીવાયની બેઠકો	૧૧
ગામડાઓની મુસલમાન શીવાયની બેઠકો	૩૫
મુસલમાન શહેરોની બેઠકો	૫
મુસલમાનની ગામડાઓની બેઠકો	૨
યુરોપીઅનની બેઠકો	૨

રેક જાતનુ

રેશમી કાપડ

તથા

જરીકામ

ખરીદવાનું ભરૂંસાદાર ઠેકાણું

ધી સુરત સીલ્ક માર્ટ

કણુપીઠ પારસી છબી મઢનારની બાજુમા

રામલાલ નવનીતલાલ

મેનજીંગ પ્રોપ્રાયટર.

અભ્યાસ રાખવો.

...વા બની શકતું ન હોય, ત
પણ કદી આપતા નહીં. વચન ન આપવાથ
દિલ દુખાય છે, તેથી વધારે દિલ, આપેલુ
દુખાય છે. શરમના માર્યા હા કહેવી, અને આખરનુ
વિશ્વાસ રાખનારને આશાની દોરીએ લટકાવી મારવા એ મ્હોટું
તેમજ શત્રુતા થવાનું મુખ્ય કારણ છે. પેલી કહેવત પ્રમાણે " મેર માને ખસમ કિયા " ત્યારે કહ્યું કે " મ્હોત બુરા કિયા, " વધારે ખુલાસો કરી જણાવ્યું કે " નાં એતો કરકે છોડ દિયા " ત્યારે ઉત્તર મળ્યો કે "ઓતો ઉસસેભી બુરા કિયા" આવું થાય છે. પાળી ન શકાય એવું વચન આપવું એ ખરાબ છે, અને આપીને પછી તોડવું એ એથી પણ વધારે ખરાબ છે. માટે કસોટીને પ્રસંગે મનને મજબુત રાખી, નમની શંક તેની ચોખ્ખી ના કહેવી. જેથી તત્કાળ નિકાલ થાય. ખોટું વચન આપી છેવટ સુધી મુઝાવા કરતાં, ના કહેવાની પળની કડવાસ, કડવાં ઓસડની પેઠે આંખો વાંચીને ગળે ઉતારી જવી. એથી પોતાને તેમજ સામા માણસને પણ લાભ છે. અને એવી નિડરતા તથા સ્પષ્ટતાથી મનોબળ વધે છે. માણસનું વચન એ અમુલ્ય રત્ન છે, તેને વગર વિચાર્યે જેમ તેમ ફેંકી દેવાનું નથી. તેને તો સાચવી, સંભાળી, વિચારીને વાપરવું જોઇએ.

૧૨ જે સત્યને માટે સર્વસ્વ અર્પણ કરવામાં મન અચકાતું હોય, તે સત્ય એકાએક સાહસ કરીને કદી પણ મ્હોડામાંથી બહાર કાઢી નાખવુ નહી, કારણકે બોલેલાં સત્યનાં પાલન જેટલું હૃદયબળ ન હોવાથી, એ સત્યમાં ખરી આસ્થા જન્મતી નથી. સત્ય સાંભળવું અને સત્ય માનવું એ કંઇ એક વસ્તુ નથી એ બન્નેમાં ઘણો તફાવત છે.

૧૩ કોઇ પણ પ્રાણીને કષ્ટ આપવું, અથવા કોઇનું મન દુખાવવું એ મનુષ્ય ધર્મથી ઉલટું છે. સર્વ ધર્મ અને શાસ્ત્ર એ સત્યનો સ્વીકાર કરે છે, પ્રયત્નથી પરોપકાર કરી, બનતે પ્રયાસે બીજાને રાજી રાખવા એ મનુષ્યનું કર્તવ્ય છે, અને અચલ મનથી પોતાનું કર્તવ્ય પાળવું એજ માણસ માત્રનો મુખ્ય ધર્મ છે. કર્તવ્યપાલન કરવામાં [illegible] કષ્ટ પડે તો તેથી નાહિંમત કે લાચાર થવું નહિ. સંસારસુખમાં [illegible] તરફ જોઇને કર્તવ્યસાધનાના પવિત્ર માર્ગમાંથી પાછું [illegible] નિડરપણે અને અડગ રહીને પોતાનું કર્તવ્ય કરવું. [illegible]

...આવ્યાં હોય તો ત..

...નું પાર પડતો નથી. કેમકે ગાદ...

...પણ જ્યાં સુધી કેરીઓ પાકીને ખા...

... કેવી અને કેટલી કેટલી અ...

...ન કેવી કેવી રીતે દુર કરવી તે વિ...

...ના એકાદ બે અડચણો આવવાથી આરંભેલો પ્રયત્ન ...ર ...મળતું નથી, આરંભેલા પ્રયત્નમાં વાપરેલું બળ ઇત્યાદિક વ્યર્થ જાય છે અને બતાવેલી સર્વોત્તમ સુખદાયી યુકિતમાં અશ્રધ્ધા થાય છે. આમ નહિ થાય પણ એક ગુરૂ અથવા ભોમિયાનું કામ સરે એવી ખાસ ચોકસાઇ આ માસિકમાં રાખવામાં આવે છે.

ખાસ લાભ.

રૂપીઆ સવામાં દોઢ રૂપીઆના પુસ્તકો ભેટ ?

માસિક તદન મફત ? ?

નેપોલીયન બોનાપાર્ટનું જીવન ચરિત્ર (૪૫૦) પૃષ્ઠ	૧-૪-૦
યુનાટેડ સ્ટેટની લોક સ્થિતિ. (૪૫૦) પૃષ્ઠ	૧-૪-૦
નીતિની શિખામણો.	૦-૨-૦
કેળવણીનો ઇતિહાસ.	૦-૮-૦

આ પુસ્તકો ચંદ્રપ્રકાશના ગ્રાહકને અડધી કીંમતે આપવામાં આવે છે. ચંદ્ર પ્રકાશ માસિક પત્રનું વાર્ષીક લવાજમ રૂપિયો સવા (પોષ્ટેજ સાથે) છે. અને તેના નમુનાનો અંક મફત મળે છે.

પ્રભુશંકર નરભેરામ વ્યાસ.

ચંદ્રપ્રકાશ ઓફીસ—સુરત.

દર સોમવારે પ્રસીધ્ધ થતું અઠવાડીક પત્ર.

સત્સંગ.

સુરતમાં સ્થપાયલી માદક પદાર્થ નિષેધક, જીવદયા પ્રબોધક, અને નીતિવર્ધક સભા તરફથી પ્રસિદ્ધ થાય છે. અને તેમાં આ સભાના ઉદ્દેશના લેખો આવવા ઉપરાંત ધાર્મિક ઐતિહાસિક વગેરે લેખો અને ...જોગ તાજા સમાંચારના લેખો આવે છે. વાર્ષીક લવાજમ માત્ર રૂ. એક પોષ્ટેજ આના ૧૩ નમુનાનો અંક મફત.

ચુનીલાલ બાપુજી મોદી.

એડીટર સત્સંગ, ખપાટીયા ચકલા—સુરત.

..રનજ તમારી જીંદગીનો
રેક ચીજમાં કાંઇ કાંઇ અહુણુ કરવું.
ાયેલ ભાગીએ છીએ, તેમાં પણ અનેક
બીજા કશામાંથી પણ મળી શકે ..
.રેક સૃષ્ટિમાં કુદરતીજ કંઇ નહીંને કંઇ વિર.

૮. સૃષ્ટિ ઉદ્દેશ વગરની નથી. એ કંઇ બાળકની રમત નથી, બળની કસોટી માટે નિર્માણ થયેલી એ એક સખત સાધનાની ભૂમિ છે. સંસાર સુખમાં ડૂબી રહી અથવા સંસાર સંબંધને તજી દઇ સૃષ્ટિનું [illegible] પોતાનું પણ હિત થઇ શકે તેમ નથી. પરમાત્માએ જે કાંઇ [illegible] કર્યું છે, તે સારૂંજ છે, એવી શ્રદ્ધા રાખી બધાંને હૃદય પૂર્વક આલિંગન કરવું. પાપીનો તિરસ્કાર કરવાનો અધિકાર પાપીને નથી. બીજાને પાપી કહેનારો પોતે પાપથી દૂર છે. એમ કેમ કહી શકાય? જ્યાં તિરસ્કાર ત્યાં અહંકાર. પારકો તિરસ્કાર કરતાંજતાં મનુષ્ય જાણતાં કે અજાણતાં અહંકારી બની જાયછે. ખરૂં મનુષ્યત્વ મેળવવામાં અહંકાર એ મોટામામોટી મુશીબત છે અસાર સંસાર સાગર પાર ઉતરવામાં અહંકાર એ મ્હોટો [illegible] ઉપસાગર છે. અહંકાર મનુષ્યના અભાવને ઢાંકી રાખે છે. અહંકાર પોતાને માટે ઉંચો ભાવ અને પારકાંને માટે તિરસ્કાર ઉત્પન્ન કરે છે. જ્યાં સુધી માણસને પોતાના ઉપર અભાવ ઉપજતો નથી અને આ મૃત્યુલોકનાં સુખ વૈભવની નિર્માલ્યતા જણાતી નથી, ત્યાંસુધી તે કેવી રીતે ઉન્નતિ મેળવી શકે?

૯. સૃષ્ટિના સઘળા જીવોને ખરાં દિલથી ચાહવાનો યત્ન કરવો. એ બધાં પરમપવિત્ર પિતા પરમાત્માનાં સંતાન છે, એમ સમજી [illegible] ભાવથી બને તેટલું તેમનું શ્રેય કરવું; તેમ છતાં કોઇને પણ [illegible] સ્વરૂપ સમજવું નહીં. એ ખરૂં છે કે સઘળા જીવ તેમજ પદાર્થોમાં [illegible] પરમાત્માની શક્તિ વિદ્યમાન છે. એ સર્વવ્યાપી, ઇશ્વરી ચેતન શક્તિ આ સકળ ચરાચર વિશ્વનું જીવન છે, પરંતુ પેદા થયેલી કોઇપણ [illegible] ઇશ્વર નથી. કેમકે, અજન્મા ઇશ્વર પેદા થતો નથી. મહાસાગરનું [illegible] અંજલિજલ હાથમાં લઇ, કદી પણ મનમાં એવો ખ્યાલ લાવતા નથી કે હાથમાં સાગર લીધો છે! જે ખરેખરૂં જેવું હોય, તેવુંજ [illegible] સમજીને તેનો આદર કરવો; કોઇનો પણ અનાદર ન કરવો; તેમ એકને બીજું સમજવું અથવા જાણવું નહીં. એકને બીજી વસ્તુ [illegible]

માનવાય ચહવાતમાંજ ભૂલ થશે એ ભૂલ
નહીં. માટે દરેક વસ્તુનું સ્વરૂપ અને સામર્થ્ય જાણુતાં ..

૧૦. જ્યાંસુધી બને ત્યાંસુધી બધા પ્રકારે સારાં કામો કરવાનોજ રાખવો. બનતે પ્રયત્ને ખરાબ કામ તરફ આકર્ષાતી વૃત્તિને પાછી ખેંચવી. ખરાબ કામનાં ખેંચાણુમાં સેતાનનો હાથ છે. પાપવૃત્તિનાં મેદાનમાં સેતાનની છાયા છે. સેતાનનાં પાપરાજ્યમાં, ત્હેની આત્મ-વિનાશક ગુલામગીરીની બેડીઓથી બંધાવું ન હોય તો એ છાયાથી પણ દૂર રહેવું; અને સર્વ સારા કામ વિચારોમાંજ મન પરોવી, શુભ પ્રવૃત્તિ રાખવી. સત્કાર્યોના પ્રવાહમાંજ નિમગ્ન રહેવાથી, પાપપ્રલોભન અથવા રિપુ-પરિબળ તમારો સ્પર્શ પણ કરી શકશે નહીં. સત્કાર્યની સીડીપર હાથ મૂકતાંજ સ્વાર્થ-કલંક તિરોધાન થાય છે; અને ક્રમેક્રમે ઉન્નતિ મેળવી, છેવટે નિર્વાણુ (મૂકિત) પણ એજ માર્ગે પ્રાપ્ત કરી શકાય છે.

૧૧. "આ મ્હોટો અને આ ન્હાનો" એવી ભેદબુદ્ધિની કદી કલ્પના પણ કરવી નહીં. દુનિયાંમાં સઘળી વસ્તુ સરખી જરૂરની છે. બ્રહ્માંડ માત્રની એક ન્હાનામાં ન્હાની ચીજ પણ તેનાં મુખ્ય ચકકરના સ્ક્રુ જેવી છે. કોઇપણ વસ્તુ નિરૂપયોગી નથી. તેથી કોઇપણ વસ્તુ ન્હાની પણ નથી, એવો ખ્યાલ રાખવો. કાંટાનું કામ કાંટાથીજ થઇ શકશે, મ્હોટા પર્વતથી કંઇ કાંટાનું કાર્ય સાધી શકાશે નહીં. એક વસ્તુ અથવા એક વ્યકિતનું કામ જ્યાંસુધી બીજી કોઇ વસ્તુ અથવા વ્યકિતવડે કરી શકાય નહીં, ત્યાંસુધી તેમાં કોણુ મોટું ને કોણુ નાનું ? દાખલા તરીકે રોટલી, શાક, ઘી, દૂધ કે અથાણું એ પ્રત્યેક સ્વતંત્ર વસ્તુ છે. એકનો સ્વાદ અથવા એકનું કામ બીજાંથી ચલાવી શકાય તેમ નથી. પોત પોતાનું કાર્ય કરવામાં અને પોતપોતાના વિષયમાં સર્વ કોઇ શ્રેષ્ઠ છે. બીજા કરતાં મોટું છે, બીજાની પ્રવૃત્તિમાં છેક નકામું છે. એટલે કોઇને ન્હાનું કહી શકાયજ નહીં. ઇશ્વરના સરજાવેલા સઘળા પદાર્થો સમાન છે, અને એ સઘળા પદાર્થો, ઇશ્વરની તુલનામાં અતિ ક્ષુદ્ર છે. સૃષ્ટિનું સૌંદર્ય બહુ વિચિત્ર છે. માટે એ વિચિત્રતાનો આદર કરતાં શીખવું, કેમકે એ વિચિત્રતાજ ઇશ્વરની કુશળતાનો નમુનો છે. તેના તરફ આદરની નજરે જોવાથીજ તેના બનાવનારનું સ્વરૂપ અને સામર્થ્ય જાણી શકાય છે. મન, વચનઅને કર્મની એકતા રાખવી. મ્હોડે એક અને મનમાં કંઇ બીજુંજ રાખવું નહીં. મનમાં એક હોય ને ઉપરથી બીજુંજ જણાવવું એ [illegible] છે. કારણ એ સતીની નહીં પણ [illegible] સમાન છે. માટે [illegible] અંતર કાઢી નાખવું. અંદર અને બહાર એકરૂપ રહે

…મબાબારપાં૦

એન્ડ વીવીંગ કુંપની

લીમીટેડ.

કાપડના કમીશન એજંટ—સુરત.

शा० डाह्याभाई हरगोविंददास.

બરાનપોરી ભાગળ તથા

વરાછા રોડ—સુરત.

ઉપલા મીલનું દરેક જાતનું સાદુ તેમજ ફેનશી કાપડ

અમારે ત્યાંથી મળશે તથા દરેક જાતનું સુતર

તથા દરેક જાતનું વીલાયતી કાપડ

કીફાયત ભાવે મળશે.

બીજાને કષ્ટ અ.

...ાને બીજા માણસ ઉપર અભાવ રાખવ

મનુષ્યમાં, ...ા વખત, અન્ય મનુષ્યોને સારીરીતે ઓળખી શક્‌ ...ક્તિ નથી. મનુષ્ય ઘણી વખત સામા માણસને માટે પોતાના મનમા ...વા વિચારો ધરાવતો હોય, તેવીજ નજરથી તેના તરફ જુએછે. તેને ...ણી વખત સામો માણસ પોતાની કલ્પના જેવોજ જણાય છે. સારી ...જરે જોનારને સારો લાગે છે. નઠારી નજરથી જોનારને નઠારો જણાય. આવું અનેક પ્રસંગોમાં બને છે. તેથી સમજી રાખવું કે મનુષ્યનું ...ત્ત્વ અથવા દોષની પરીક્ષા માણસને માટે ઘણી કઠિન છે. માટે એક ...ણસની પરીક્ષાથી પક્ષપાતીથઇ બીજા માણસને કદીપણ અન્યાય કરવો નહીં. જે હમેશાં પારકી નિંદા કરતો હોય અથવા પારકાં છિદ્રો શોધતો હોય, તેને પોતાને ભયાનક પાપી સમજવો. પોતાનાં પાપને ઢાંકવામાટે અથવા, બીજાને હલકા બતાવી પોતાની ખોટી મોટાઇ ગાવા માટેજ તે પારકી નિંદા કરે છે. એથી પારકી નિંદા કરનારા એવા દુષ્ટ પુરૂષોના ઉપર વિશ્વાસ રાખી તેમના કહેવાથી કદી પણ બીજાને માટે ખરાબ મત બાંધવો નહિ. એકનું સાંભળીને બીજાને કદી પણ અન્યાય આપવો નહીં. જેઓ હમેશાં મ્હોટે અવાજે પારકા દોષ પોકાર્યા કરે છે, તેમનાં પોતા-નાં અંતઃકરણમાં ઘણી વખતે પાપનું તીવ્ર હળાહળ પોષણ પામતું જ-ણાયું છે. નિંદાખોરના જેવો દુનિયાંમાં બીજો કોઇ ઠગ નથી. માટે સ-મજી રાખવું કે પારકી નિંદા કરે તે પોતેજ એ નિંદાને પાત્ર છે.

૧૪ સત્સંગ અથવા સત્પ્રસંગમાં ચાલતી સારી વાતો ધ્યાન દઇને સાભળવી. સાંભળીને તેમાથી સાર ગ્રહણ કરવો. વૃથા વાદવિવાદમાં અથવા કુતર્કોમાં કદી પણ માથું મારવું નહિ, નકામા ગપાટાઓમાં વિનાકા-રણ વખત ગુમાવવો નહીં. ખોટા ગપાટા અને અયોગ્ય કુતર્કોથી સત્ય વ-સ્તુ બહાર આવવાને બદલે ઉલટી ઢંકાઇ જાય છે. સારી અને સારી વાતોએજ સાર નીકળે છે. આંબાનાં ઝાડમાંજ આંબા પાકે. બાવળમાંતો શુળોજ હોય, ખોટા ગપાટા અને કુતર્કો બાવળ જેવા છે. સત્યશોધન અને સાત્વિકચર્ચા આમ્રવૃક્ષ જેવાં છે. માટે સત્યપાલનનેજ સત્યપ્રાપ્તિનો મૂળમંત્ર સમજવો.

બહારના આડંબર ભરેલી અને દાંભિક પદ્ધતિ તરફ કદી પણ ભાવ દેખાડવો નહીં.

૧૫ ઘણા માણસોના દાખલાઓમાં જાણવામાં આવ્યું છે કે બહારના ભપકામાં ભોળાતા રહી. તેઓએ હૃદયને દંભમાં ડુબાવી, ગુમાવી દીધું છે.

આ દવાઓ તમને તમારા અને કુટુંબના વૈદ્ય અથવા દાકટર બનાવે છે.

વૈદક વિદ્યાની છેલ્લામાં છેલ્લી શોધ.

જીવન રસાયણ દવાઓ.

... દવાઓથી વૈદ્ય દાકટરનું ખર્ચ કંઈ ઓછું થઈ જાય છે

BIO=CHEMICAL MEDICINES.

મનુષ્યો કેવી દવા શોધે છે ? તરત અસર કરે, નુકશાન ન ખરચ ઘણો ઓછો આવે. ખાના કંટાળો ન આવે તથા કોઇ રોગ મટી શકે. આ સર્વ ગુણો આ દવાઓમાં રહેલા છે. વળી તે સ્પતીમાંથી બનતી હોવાથી ધર્મનો બાધ આવતો નથી. આ દવાઓ માત્ર બારજ છે અને તે બધા રોગ ઉપર ચાલે છે આ દવાઓને કેવી રીતે વાપરવી તે કોઈ પણ મનુષ્ય "જીવન રસાયણ શાસ્ત્ર" એ નામનું દશ આનાનું પુસ્તક વાંચી પોતાની મેળેજ નક્કી કરી શકે છે. પુસ્તક તથા દવાઓ પુસ્તક વાંચી ન પસંદ પડે તો ત્રણ દિવસમાં નીચેની ઓફીસમાં પાછાં મોકલનારને પૈસા પાછા મોકલવામાં આવે છે. આ દવાઓ ગુજરાત તથા કાઠીયાવાડમાં હજારો મનુષ્યોએ વાપરી છે અને આજે પણ વાપરે છે. આ સંબંધમાં વિશેષ હકિકતનું એક નાનુ પુસ્તક પણ નીચેને ઠેકાણે મફત મળે છે

મણીશંકર નરભેરામ ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત.

શકિતનો અખુટ ખજાનો.

મર્ઝીના ! !

શકિતની બીજી કહેવાતી દવાઓ પાછળ બનતે પૈસાને બરબાદ ન કરતાં વેળાસર " **મર્ઝીના** " જ વાપરજો, જે સુખને માટે તમે રાત દિવસ ફિકરમંદ રહી તમારાં અશક્ત શરીરને વધારે માઠાં પરિણામ તરફ અજાણપણે ઘસડવા દો છો તે ફિકરમાંથી છુટવાનો એકલો રસ્તો " **મર્ઝીના** " વાપરવા તે જ છે. કાયમનું ખરૂ પુરૂષત્વ પુરૂ પાડવાનુ અને ટકાવી રાખવાનું કામ " મર્ઝીના " ની બરાબર બીજી કોઇ દવા કરતીજ નથી. કીંમત રૂ. ૩) વી. પી. થી રૂ. ૩ા) વેપારીઓને તેઓનાં નામ સાથની જથાબંધ જાહેરાતો છપાવી આપવામાં આવે છે.

ચંદ્રપ્રકાશ ઓફીસ–સુરત.

આડ ... જઇ તેઓ પોતાનું લક્ષ ચૂકી ગયા છે, નિરાશ થઇ હતબુદ્ધિ બનેલા છે. માટે કદી પણ ઉપરના આ-ય જાળ વધારવી નહીં. લક્ષને અને હેતુને હૃદયના મૂળ ભાગ-વંદા કર્તવ્ય સાધન કરવું. અને બહારના રૂપ ઉપર ધ્યાન ે હમેશાં અભ્યંતરમાં દૃઢ યષ્ઠિ-યોગ કરવો. આત્મ વિચાર ાવને ભૂલી જઇ બહારનાં આડમ્બર-અનુષ્ઠાનનો વિચાર ક-ો, અંતર્દૃષ્ટિ વગરનો, બહારના આડંબરવાળો સન્યાસી પણ તર-ભાવનાથી શુદ્ધ વિચારે પવિત્ર થયેલો એક સાદો અને ત એક સિદ્ધ મહાત્માનાં નામને પાત્ર છે; જેમના હૃદયમાં પ્રવૃત્તિ અને બાહ્ય-આડંબરનું ઝેર પોષણ પામે છે તેમનાં યજ્ઞયાગ વગેરે ઉપરનાં ધર્મ કર્મ, ભગવાં વસ્ત્ર અથવા સંન્યસ્તની દીક્ષા પણ નિરર્થક છે.

શુદ્ધ પ્રેમભક્તિનો જયારે હૃદયમાં આવિર્ભાવ થાય છે, ત્યારે મ્હારૂં ત્હારૂં અને મતભેદ પોતાની મેળે દૂર થાય છે. સૂર્યપ્રકાશથી જેમ અંધારી રાત્રિએ ઘેરાયેલું અંધારૂં વિખેરાઇ જાય છે, તેમજ શુદ્ધ-સ્નેહનો સૂર્ય હૃદયાકાશમાં ઉગતાંજ દ્વેશ, કલેશ અને મત-ભેદનો તિરસ્કાર ટકી શકતાં નથી. સ્નેહ-પ્રકાશમાં સાંકડી બાહ્યચક્ષુઓ અંજાઇને ઢંકાઇ જાય છે, જવળ અંતર્ચક્ષુ ઉઘડી જાય છે. સમગ્ર વિશ્વ પોતાના કુટુંબપરિવાર વું જણાય છે. અને મુસલમાન, બૌધ, ખ્રીસ્તી, યાહુદી એ સર્વ જાતિ મનુષ્યોમાટે સમાન રીતે સદ્‌ભાવ અને સ્નેહ પ્રકટે છે. આ ાળ સ્નેહ-સાધનામાં આગળ વધતાં, વખતો વખત આત્માની પરીક્ષા કે સાધનાની વૃધ્ધિ સાથે, અંતઃકરણના મળ-દ્વેશ તેમજ બીજાં ી તિરસ્કાર અથવા દ્વિધાબુદ્ધિ પણ ક્રમેક્રમે લય પામે છે કે ! જો એ દુર્ભાવોનો લોપ ન થતો હોય તો યત્નપૂર્વક કરવામાં આ-ાધના અફળ જાણવી.

वसन्त.



..૧૬-

.. વિવિધ ધર્મોના

ધર્મનાદ.

માત્ર દોઢ રૂપીઆમાં દશ પુસ્તકો ! ?

વર્ષ દહાડે વાંચવા લાયક પંદરસો પૃષ્ઠોનો સંગ્રહ !

લેખોની વ્યવસ્થા વર્ષ આખરે જુદાં જુદાં પુસ્તકો બાંધી શકા રીતે કરવામા આવી છે. આવું અને આટલું સસ્તુ સાહિત્ય ગુ ભાષામાં આજ સુધી કોઈએ પણ આપવાનું સાહસ કીધું નથી આ પહેલો અંકજ ખાત્રી પુરશે.

હાથ કંકણુને આરસીની શી જરૂર ?

માસિકનો અંક માત્ર ગ્રાહક થઇ લવાજમ ભરનારનેજ અપાયછે. નમૂ મોકલવાનો અમારો રીવાજજ નથી. માટે કૃપા કરી કોઈએ તસ્દી લેવીજ નહી.

પહેલા અંકની વિષય સંકલના—(લેખો અને પુસ્તકો)

(૧) ઉદ્દેશ અને આવિર્ભાવ (૨) અ.જનો સુધારો અને ધર્મ
(૩) આપણી અધોગતિના કારણો. (૪) પવિત્ર આકાશવાણી.
શ્રી કૃષ્ણ ભગવાનનું ઉપદેશામૃત.
(૫) મૃગતૃષ્ણિકાનો વિકટ માર્ગ (૬) ગીતાનો સાર ધર્મ.
(૭) સંન્યાસ અને ત્યાગ. (૮) ભક્તિ પ્રદીપ
(૯) ભક્તિ અને જ્ઞાન. (૧૦) સંસાર જ્યોતિ.
(૧૧) સૌભાગ્ય કંકણ. (૧૨) ઇશ્વર દર્શન.
(૧૩) પરમાત્માની પ્રાર્થના. (૧૪) કાવ્યજ્યોતિ.

ઠે૦ ઠક્કર બ્રધર્સ, ભાગાતળાવ—સુરત.

મિત્ર મંડળ.

પરસ્પર લાભ લેવાના ઉદ્દેશથી આ મિત્ર મંડળની સ્થાપના કરવામાં આવીછે. તેમાં કોઇપણ સજ્જન મેમ્બર થઇ શકેછે. મેમ્બર થનાર પાસ કાંઇપણ ફી લેવામાં આવતી નથી. આ મિત્ર મંડળમાં પ્રવેશનાર સજ્જનને વખતો વખત ફેન્સી પોષ્ટ કાર્ડ, બુક વગેરે ઇનામમાં મળે . દાખલ થવા ઇચ્છનારે અર્ધા આનાની પોષ્ટની ટીકીટ મોકલી પોત નામ નોંધાવવું. એટલે તેમને સંખ્યા જણાવવામાં આવશે.

ચંદ્ર પ્રકાશ ઓફીસ-સુરત.

ચમત્કારીક ભસ્મ..

-રની તથા વૈદ્યની દવા ખાઇને નિરાશ થયેલા મનુષ્ય ભર. આશીર્વાદ રૂપ છે. આ ભસ્મ કોઇ ધાતુની બનાવેલી જેથી તે વાપરનારને લેશ પણ નુકસાન કરે. આ ભસ્મ તે પ્રમાણે અનેક વ્યાધિ ચમત્કારીક રીતે મટાડે છે. વાપરવાનો વિ સાથે મોકલવામાં આવે છે. કીંમત ડબ્બી એકના આના ૪.

ચંદ્રપ્રકાશ ઓફીસ—સુરત

આ ભસ્મના સંબંધમાં થોડા અભીપ્રાય.

વંદનસહ વિનતિ કે આજરોજ ચમત્કારી ભસ્મની ચાર ડબી મળી છે. તે ભસ્મ જુદા જુદા વ્યાધિવાળાંને ખવરાવતાં તરતજ આશ્ચર્યકારક ફેરફાર થઇ તંદુરસ્તી જણાય છે. ઘણા દિવસના ઘર ઘાલી ગએલા વ્યાધિ, જેવા કે તાવ ખાંસી વગેરે જુનું થએલા છતાં માત્ર ત્રણ દિવસ ખાધી તેથી વ્યાધ નિવૃતિ જણાય છે, નામ જેવાજ ગુણ છે. ચમત્કારિક ભસ્મ તે ચમત્કારિજ છે. તો આજરોજ પુનઃ ડબી નંગ ૪) મોકલવા કૃપા કરશો મુ૦ અચાઉ (કચ્છ.)

લી૦ મહેશ્વર પ્રસાદ હાથીરામ

વિનંતિ કે આપની આધ્યાત્મિક પ્રસાદવાળી ચમત્કારી ભસ્મના સેવનથી ઇષ્ટ આરોગ્ય પ્રાપ્ત થયું છે. તથા કફ તથા વાયુની શાંતિ થવા અર્થે તેનું સેવન ચાલે છે. મંગલતમ શ્રી મહેશ્વરની મહાન સત્તાથી આપની ભસ્મનું મહાત્મ્ય વિસ્તરતું ચાલે છે. ઉત્કૃષ્ટ ઐશ્વર્યાધિપતિ ઇશ્વર સત્તાથી આપની આધ્યાત્મિક ભસ્મ ઉત્તરોત્તર ઉત્તમ આરોગ્ય અર્પી સર્વને સર્વોત્તમ સુખભાક્ કરવા શકિતમાન્ કરો. એજ અભ્યર્થના છે

મુકામ જુનાગઢ.

લી૦ કૃષ્ણદત્ત વિ. મહાપુરુષ.

પ્રમાણે અનેક મનુષ્યોએ આજ સુધીમાં આ દવા વાપરી છે ... મળ્યા છે. પણ સ્થળસંકોચને લીધે તથા ખાસ પ્રયોજન ...ના અભિપ્રાયો અત્ર [illegible] નથી.

...नी साची माळा



૧૨			
	બોર જેટલા મણકા	...	૦—૩—૦
	એથી સહજ નાના મણકા	...	૦—૬—૦
	ચણીબોર જેટલા મણકા	...	૦—૮—૦
	નાના ચણીબોર જેટલા મણકા	...	૦—૧૨—૦
૧૨	એથી સહજ નાના મણકા	...	૧—૦—૦
૧૧	એથી પણ સહજ નાના મણકા	...	૧—૮—૦
૧૦	ચણા જેટલા મણકા	...	૨—૦—૦
૯	એથી સહજ નાના મણકા	...	૨—૮—૦
૮	તુવેર જેટલા મણકા	...	૩—૮—૦
૭	એથી સહજ નાના મણકા	...	૫—૦—૦
૬	એથી સહજ નાના	...	૬—૦—૦
૫	એથી પણ સહજ નાના મણકા	...	૮—૦—૦
૪	મોટા મરી જેટલા મણકા	...	૧૦—૦—૦
૩	એથી સહજ નાના મણકા	...	૧૨—૦—૦
૨	એથી પણ સહજ નાના	...	૧૪—૦—૦
૧	ઝીણા મરી જેટલા મણકા	...	૧૬—૦—૦

જાતે લઇ જનારને તથા ટપાલથી મંગાવનારને એકજ ભાવ પડે છે. સોનામાં ગંઠાવવાને આ માળાઓ સર્વોત્તમ છે. નાના ૨૭ મણકાના હાથમાં રાખવાના બેરખા માત્ર ૦—૨—૦ માં આપવામાં આવે છે. દશ રૂપિઆની એકી વખતે મંગાવનારને વી. પી. ખર્ચ અમે આપીએ છીએ, પોસ્ટેજ ખર્ચ તેમને શીર રહે છે. અમારી માળાઓ ખોટી છે એમ કોઇ સાબીત કરી આપે તો અમે પાછા આપવા બંધાઇએ છીએ.

ચંદ્રપ્રકાશ કો.